શૈક્ષણિક દસ્તાવેજોમાં માતાનું
નામ ઉમેરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપીઆરઇ/૧૨૦૨/૮૩૪/ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪/૨/૨૦૦૫.

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૧/૩/૯૮ નો પત્ર ક્રમાકઃપીઆરઇ/૧૩૯૬/જીઓઆઇ/૧૨૭/ક
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૧૫/૪/૯૮નો પત્ર ક્રમાંકઃ૨૯/પનસ/૧/૯૭/છ/ગુજ.
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૮/૨/૦૫નો પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/૦૪/ક/૧૬૭૭.

પ રિ પ ત્ર :-

રાજયની પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક રેકર્ડ જેવા કે પ્રવેશ ફોર્મ, પરીક્ષા ફોર્મ્સ, ગુણ પત્રકો વગેરેમાં માતા-પિતા બંન્નેના નામ લખવા બાબતે આમુખ ક્રમાંક-(૨) માં દર્શાવેલા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૫/૪/૯૮ ના પત્રથી સુચનાઓ આપવામાં આવી છે. તેના અનુંસંધાને હાલ જેમ બાળકની પાછળ પિતાનું નામ લખાય છે તેમ માતાનું નામ લખવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજી પૂર્વકની વિચારણા બાદ એમ ઠરાવવમાં આવે છે કે જો બાળકના નામની પાછળ તેના વાલી તરીકે માતાનું નામ લખવા માંગણી કરવામાં આવે તો માતાનું નામ લખવાનું રહેશે.

ઉદાહરણ સ્વરુપે મનીષની માતાનું નામ આશાબેન અને અટક પટેલ હોય તો તેનું નામ'મનીષ આશાબેન પટેલ' એમ લખવાનું રહેશે અને આવા કિસ્સામાં તેના પિતાનું નામ લખવાનું રહેશે નહિ.

ઉપર્યુકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સર્વે સંબંધિતોને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( બચુભાઇ નાયી )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના નિયંત્રણ હેઠળના તમામ ખાતાના વડાઓ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ / શાસનાધિકારીશ્રીઓ (પ્રા.શિ.નિ.શ્રી મારફતે)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિ.શ્રી શાળાઓ મારફતે)
- સચિવાલયના સર્વે વિભાગો
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઇલ.